सत्यमेव जयते

**Government Arts College, Kaparada**

# સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા નિશાળ ફળિયા પાણીની ટાંકી પાસે તા.- કપરાડા જી.- વલસાડ, પિનકોડ નં. ૩૯૬ ૦૬૭
સ્થાપના વર્ષ ૨૦૧૨ ઇ-મેઇલ : gackaparada@gmail.com, URL: www.kaparadacollege.org

GACK/2023/પંચપ્રકલ્પ અંતર્ગત/160 DATE: 1૫/08/2023

...નયન કોલેજ ...જી. વલસાડ 160 ..08/023

## પંચપ્રકલ્પ અંતર્ગત પર્યાવરણ, સ્વચ્છતા, જળ સંરક્ષણ તેમજ જળસંચય અંગેની પ્રવૃત્તિ અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનો અહેવાલ.

તા.14/08/2023

તા.12/08/2023 ના રોજ સરકારી વિનયન કોલેજ કપરાડા દ્વારા 'પંચપ્રકલ્પ અંતર્ગત પર્યાવરણ, સ્વચ્છતા, જળ સંરક્ષણ તેમજ જળસંચય પ્રવૃત્તિ અંતર્ગત' કપરાડા તાલુકાના 'બાબરખડક' ગામે આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબની અધ્યક્ષતામાં 'વૃક્ષારોપણ' કાર્યક્રમનું આયોન કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત કાર્યક્રમના અનુસંધાને સૌ પ્રથમ તા.10/08/2023 ના રોજ અત્રેની સંસ્થાના પ્રાધ્યાપિકા ડૉ. એમ . કે. ધારણે તથા પ્રાધ્યાપક શ્રી ડી. વી. પટેલ સાહેબે માંડવા સ્થિત સરકારી નર્સરીની મુલાકાત લઈ 50 છોડને પસંદ કર્યા હતા.

તા.12/08/2023 ના રોજ સરકારી વિનયન કોલેજના વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને પટાવાળા મિત્રોના સહકારથી રોપા કપરાડા તાલુકાના 'બાબરખડક' ગામે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં સૌ પ્રથમ કોલેજના વરિષ્ઠ અધ્યાપક શ્રી. ડૉ. પ્રફુલ્લભાઈ કુરકુટિયાએ ગ્રામજનોને વૃક્ષારોપણનું મહત્વ સમજાવતા સંબોધ્યા હતા. ત્યાર બાદ ગામના સરપંચશ્રીની આગેવાની હેઠળ ગ્રામપંચાયત બાબરખડક પરિસરમાં કુલ 50 છોડોનું સફળતાપૂર્વક રોપણ કરવામાં આવ્યું. તેમજ વૃક્ષોને સાચવવાની જવાબદારી નજીકના ગ્રામજનોને સ્વેચ્છાએ સોંપવામાં આવી હતી.

આમ સરકારી વિનયન કોલેજ કપરાડા દ્વારા 'પંચપ્રકલ્પ' અંતર્ગત બાબરખડક ગામે સફળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. સંપૂર્ણ કાર્યક્રમનું સફળ સૂત્રસંચાલન ડૉ. પી. બી. કુરકુટીયા અને ડૉ. એમ. કે. ધારણે દ્વારા કરવામાં આવ્યું.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.